# (એનીમલ ન્યુસન્સ કંટ્રોલ ડીપાર્ટમેન્ટ)એ.એન.સી.ડી

## -: જાહેર નિવિદા :-

ભાવનગર મહાનગરપાલિકા દ્વારા નીચે મુજબના કામો માટે રસ ધરાવતા કોન્ટ્રાક્ટરો/એજન્સી/પેઢી માટે જરૂરી ડોક્યુમેન્ટ ઓનલાઇન વેબસાઇટ http://bmc.nprocure.com પર ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે. આ દરેક કામની વિગતવાર માહિતી તથા ટેન્ડર શરતો ભાવનગર મહાનગરપાલિકાની www.bmcgujarat.com પર જોઈ શકાશે.

| ક્રમ | કામનું નામ | કામની અંદાજીત કિંમત | ટેન્ડર ફી | ઈ.એમ.ડી. રકમ | ટેન્ડર ભરવાનું શરૂ થવાની તારીખ | ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ | ટેકનીકલ બીડ સબમીટ કરવાની છેલ્લી તારીખ | ટેકનીકલ બીડ ખોલવાની તારીખ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ભાવનગર મહાનગરપાલિકા ના ઢોર ડબ્બામા રાખવામા આવતા પશુઓના નિભાવ માટે લીલો/સુકો ઘાસચારો સપ્લાય કરવા માટેનુ ટેન્ડર | ૭,00,00,000/- | ૧૨000/- | ૭,00,000/- | ૨૭/03/૨૦૨૫ | ૦૯/૦૪/૨૦૨૫ | ૧૬/૦૪/૨૦૨૫ | ૧૬/૦૪/૨૦૨૫ |

વેટરનરી ઓફીસર

એ.એન.સી.ડી. વિભાગ

મહાનગરપાલિકા ભાવનગર

# ભાવનગર મહાનગરપાલિકા,ભાવનગર

એ.એન.સી.ડી.વિભાગ

સર મંગળસિંહજી રોડ, કાળાનાળા પાસે, ભાવનગર

E-mail : vetofficerbmc@gmail.com




## Sub:-E-Tender for supply of Grass/Fodder at Cattle pound in BMC.

E-Tender Notice No:-05/2025-26/ANCD/BMC

કામનું નામ : શહેરમાથી પકડાયેલા પશુઓ માટે ઢોર ડબ્બા ખાતે લીલું અને સુકુ ઘાસ વિગેરે સપ્લાય કરવાની કામગીરીનું ઇ-ટેન્ડર

| | |
|---|---|
| ટેન્ડર વેલ્યુ | રૂ.૭૦૦ લાખ |
| ટેન્ડર ફી | રૂ.૧૨૦૦૦/- |
| ઇ.એમ.ડી-ટેન્ડરના ૧% | રૂ.૭૦૦૦૦૦/- |
| ટેન્ડર ફી/ ઇ.એમ.ડી.પેમેન્ટ | મ્યુનિ.કમિશનર,ભાવનગર નામનો ડી.ડી., બેંકર્સ ચેક. |
| ટેન્ડર વેલીડીટી | ૧૮૦ દિવસ |
| સિકયુરીટી ડિપોઝીટ | ટેન્ડર કુલ રકમના ૫% લેખે |
| પ્રિ-બિડ મીટીગ સરનામુ | તારીખ : ૦૨/૦૪/૨૦૨૫ સમય.૧૮:૦૦ કલાકે<br>➢ સી.એન.સી.ડી.વિભાગ (ઉપરના સરનામે) |
| બીડ ડોકયુમેન્ટ ડાઉનલોડ કરવાની તારીખ | તારીખ : ૨૭/૦૩/૨૦૨૫ સમય.૧૮:૦૦ કલાકે થી<br>તારીખ : ૦૯/૦૪/૨૦૨૫ સમય.૧૮:૦૦ સુધી |
| ઓનલાઇન ટેન્ડર સબમીટ કરવાની છેલ્લી તારીખ | તારીખ : ૦૯/૦૪/૨૦૨૫ સમય.૧૮:૦૦ કલાકે |
| ફિઝીકલ ટેન્ડર મિકલવાની છેલ્લી તારીખ | તારીખ : ૧૬/૦૪/૨૦૨૫ સમય.૧૭:30 કલાકે |
| ફીઝીકલ ટેન્ડર ખોલવાની તારીખ | તારીખ : ૧૬/૦૪/૨૦૨૫ સમય.૧૭:૪૦ કલાકે |
| ફીઝીકલ ટેન્ડર મોકલવાનું સરનામું | વેટરનરી ઓફિસરશ્રી, એ.એન.સી.ડી. વિભાગ,<br>ચોથો માળ,ભાવનગર મ્યુનિ.કોર્પોરેશન<br>સર મંગળસિંહજી રોડ,કાળાનાળા પાસે,<br>ભાવનગર-૩૬૪૦૦૧ |

વેટરનરી ઓફિસર

મહાનગરપાલિકા

ભાવનગર

# ભાવનગર મહાનગરપાલિકા,ભાવનગર

## એ.એન.સી.ડી.વિભાગ

સર મંગળસિંહજી રોડ, કાળાનાળા પાસે, ભાવનગર
E-mail : vetofficerbmc@gmail.com

---

**ઇ-ટેન્ડર નોટીસ નં.૦૫/૨૦૨૫-૨૬/ANCD/BMC**

આથી શહેરમાંથી પકડાયેલા ઢોરડબ્બા ખાતે નિભાવવામાં આવતા પશુઓ માટે લીલુ/સુકુ ઘાસ વિગેરે આઉટસોર્સિંગ કોન્ટ્રાકટથી સપ્લાય કરવાની કામગીરીમાં રસ ધરાવતી સંસ્થા/વ્યક્તિ/એજન્સીઓ પાસેથી સીલબંધ કવરમાં ટેન્ડર મંગાવવામાં આવે છે. જે માટે વેબસાઇટ: **https://tender.nprocure.com** પરથી ટેન્ડર ડાઉનલોડ કરી તેમાં જણાવેલ પ્રક્રિયા નિયત સમયમર્યાદામાં અનુસરવાની રહેશે.

વેટરનરી ઓફિસર
મહાનગરપાલિકા
ભાવનગર

Sub :- શહેરમાંથી પકડાયેલા ઢોર ડબ્બા ખાતેના પશુઓ માટે લીલુ અને સુકુ ઘાસ સપ્લાય કરવા જેવી વિવિધ કામગીરીનો કોન્ટ્રાકટ આપવા અંગેનુ ટેન્ડર.

| અ.નં | કામની માહિતી | વિગત |
|---|---|---|
| ૧ | કામનુ નામ | શહેરમાંથી પકડાયેલા ઢોર ડબ્બા ખાતેના પશુઓ માટે લીલું અને સુકુ ઘાસ વિગેરે સપ્લાય |
| ૨ | કામની સમયમર્યાદા | આ કામની મુદત માન્ય થયેલ રેટ/દરથી વર્ક ઓર્ડર આપ્યા તારીખથી એક વર્ષની રહેશે. ત્યારબાદ કામગીરી સંતોષકારક જણાયેથી પરસ્પર સંમતિ તથા સક્ષમસત્તાની મંજુરી મળ્યેથી કામગીરીની મુદ્દત વધુ એક વર્ષ લંબાવી શકાશે. |
| 3 | કામગીરીનો અવકાશ/કાર્યક્ષેત્ર | શહેરમાંથી પકડાયેલા ઢોર ડબ્બા ખાતેના પશુઓ માટે લીલું અને સુકુ ઘાસ વિગેરે સપ્લાય કરવાની જેવી વિવિધ તથા અન્ય કામગીરી કોન્ટ્રાકટરે કરવાની રહેશે.<br>❖ આ ઉપરાંત પશુત્રાસ નિયંત્રણ ખાતાના અધિકારીશ્રી દ્વારા વખતો વખત જે કઈ કામગીરી સોંપવામાં આવે તે કામગીરી કરવાની રહેશે.<br>❖ જે તે સમયના સમય અને સંજોગો અન્વયે વખતો વખતની જરૂરિયાત અનુસાર ખાતાના અધિકારી દ્વારા કાર્યક્ષેત્રમાં ફેરફારની જાણ કરવામાં આવે તે કામગીરી સમય મર્યાદામાં દૈનિક ધોરણે નિયમિત પણે કરવાની રહેશે.<br>❖ કામગીરીની આવશ્યકતા, અગત્યતા, અનિવાર્ય સંજોગો, વિશેષ તથા પ્રસંગોએ માનવબળની સંખ્યામાં વધારો/ઘટાડો ખાતાની જરૂરીયાત અનુસાર કરી ખાતા દ્વારા સુચવાય તે મુજબની માનવબળ કોન્ટ્રાકટરે પુરા પાડવાના રહેશે.તે માટે કોન્ટ્રાકટરને તદઅનુસાર અલગની વધારાના કામદારો માટે મીનીમમ વેજ દરના જે તે સમયના સક્ષમ સત્તા દ્વારા માન્ય થયેલ દર/રેટ મુજબ અમલી રકમ મુજબથી વધારાનુ બીલનું પેમેન્ટ કરવામાં આવશે. |
| ૪ | ટેન્ડરની લાયકાતના માપદંડો | ૧. ટેન્ડરનું છેલ્લા ત્રણ વર્ષનું સરેરાશ ટર્ન ઓવર ઓછામાં ઓછું ૧૫૦ લાખનું હોવું જોઇએ.<br>૨. ટેન્ડરે છેલ્લા ત્રણ વર્ષના ટર્ન ઓવરની વિગતો દર્શાવતુ ચાર્ટડ એકાઉન્ટન્ટ દ્વારા સટીફાઇડ કરાયેલ સર્ટીફિકેટ સાથે બીડવાનું રહેશે.<br><table><tr><th>વર્ષ</th><th>વાર્ષિક ટર્ન ઓવર (રૂ.માં)</th></tr><tr><td>૨૦૨૧-૨૨</td><td></td></tr><tr><td>૨૦૨૨-૨૩</td><td></td></tr><tr><td>૨૦૨૩-૨૪</td><td></td></tr><tr><td>કુલ ટર્નઓવર</td><td></td></tr><tr><td>એવરેજ વાર્ષિક ટર્ન ઓવર</td><td></td></tr></table>3. ટેન્ડર ભરનાર એજન્સીને આવા પ્રકારના કામનો સરકારી/અર્ધ સરકારી/મહાનગરપાલિકા/નગરપાલિકાનો કામનો ઓછામાં ઓછો એક વર્ષનો અનુભવ હોવો જોઇએ. ટેન્ડર ભરનાર એજન્સીએ ઓછામા ઓછા બે વર્ષ દરમ્યાન (લીલા ઘાસચારા માટે) ૩૫૦૦ ટન લીલો ઘાસચારો અથવા સુકા ઘાસચારા માટે ૧૦૦૦ ટન સુકો ઘાસચારો સંતોષકારક સપ્લાય કરેલ હોવો જોઇએ. અથવા એક વર્ષ દરમિયાન ટેન્ડર વેલ્યુના ૪૦% રકમનુ ઘાસચારા સપ્લાયની કામગીરી સંતોષકારક રીતે કરેલ હોવી જોઇએ. એજન્સીએ માંગેલ અનુભવ મુજબનાં કામ પુર્ણ કર્યાનો અનુભવ સર્ટી. ટેન્ડર સાથે બીડવાના રહેશે.સબ-કોન્ટ્રાકટ ધોરણે કરવામાં આવેલ કામગીરીનો અનુભવ ધ્યાને લેવામાં આવશે નહિ. |
| | | ૪. એજન્સી સરકારી/અર્ધ-સરકારી સંસ્થાઓમાં લીલુ/સુકુ ઘાસની સપ્લાયનો ઓછામાં |

| | | |
|---|---|---|
| | | ઓછો એક વર્ષનો અનુભવ ધરાવતા હોવા જોઇએ.વર્કઓર્ડરની કોપી ટેન્ડર સાથે બીડવાની રહેશે.<br>૫. સરકારી, અર્ધસરકારી સંસ્થામાં કરેલ કામનાં અનુભવનાં કિસ્સામાં એજન્સીએ પુર્ણ કરેલ કામનાં દસ્તાવેજી પુરાવાની સર્ટીફાઇડ નકલ ટેન્ડર સાથે બીડવાની રહેશે.<br>૬. સંસ્થાની નોંધણીના પ્રમાણપત્ર જેવા કે જી.એસ.ટી.સર્ટીફિકેટ, પાનકાર્ડની નકલ બીડવાના રહેશે.<br>૭. ટેન્ડર ભરનાર એજન્સીએ ટેન્ડર તથા ડોકયુમેન્ટસમાં તમામ પાના પર સહી-સિકકા કરી ટેન્ડર સાથે બીડવાનુ રહેશે. |
| ૫ | ટેન્ડર સબમીટ કરવા અંગેનું ફોર્મેટ | એજન્સીએ નીચે દર્શાવ્યા મુજબનાં બે કવરોમાં ટેન્ડર સબમીટ કરવાનું રહેશે.<br>અ) કવર-૧ : ટેન્ડર ફી તથા ઇએમડી ફી (માહિતી ઓન-લાઇન સબમીટ કરવાની તથા ડોક્યુમેન્ટ ફીઝીકલ સબમીટ કરવનાં રહેશે.) આ કવર ઉપર સુવાચ્ય અક્ષરોમાં "ટેન્ડર ફી તથા ઇએમડી ફી" એમ લખવાનું રહેશે. ટેન્ડર ફી તથા ઇએમડી ફી રકમની વિગત અ.નં.૮ તથા ૯ મુજબની રહેશે.<br>બ) કવર-૨ : ટેકનિકલ પ્રપોઝલ (માહિતી ઓન-લાઇન સબમીટ કરવાની તથા ડોકયુમેન્ટ ફીઝીકલ સબમીટ કરવાના રહેશે.)<br>૧) એજન્સીની વિગત/રજીસ્ટ્રેશનની વિગત<br>૨) નાણાકીય ટર્ન ઓવરનુ પત્રક<br>૩) નોટરી કરેલુ નોન બ્લેકલીસ્ટીંગ પ્રમાણપત્ર<br>૪) ટેન્ડરના દરેક પાનાં ઉપર એજન્સીના સહી-સિકકા કરેલુ ટેન્ડરની કોપી સુધારા-વધારા સહિત જો હોય તો<br>આ કવર ઉપર સુવાચ્ય અક્ષરોમાં " ટેકનીકલ પ્રપોઝલ " એમ લખવાનું રહેશે. એજન્સીની માન્યતા અંગેના તમામ પુરાવાઓ એક જ કવરમાં રાખવાના રહેશે.<br>ઉપર મુજબના બન્ને કવરો એક મુખ્ય બાહ્ય મોટા કવરમાં મુકવાના રહેશે. જેની ઉપર ટેન્ડરનું નામ શહેરમાંથી પકડાયેલા ઢોર ડબ્બા ખાતેના પશુઓ માટે લીલું અને સુકુ ઘાસ વિગેરે સપ્લાય કરવાની જેવી વિવિધ કામગીરી. અંગેનું ટેન્ડર. એ મુજબ લખવાનુ રહેશે. અને તે ટેન્ડરમાં દર્શાવેલ સ્થળે નિયત સમયમર્યાદામાં રજુ કરવાનું રહેશે.<br>ક) પ્રાઇઝ બીડ( ફકત ઓન-લાઇન સબમીટ કરવાનુ રહેશે.)<br>ટેન્ડરમાં દર્શાવેલ શહેરમાંથી પકડાયેલા ઢોર ડબ્બા ખાતેના પશુઓ માટે લીલુ અને સુકુ ઘાસ વિગેરે સપ્લાય કરવા માટેના કોન્ટ્રાકટની રકમના ભાવો પ્રાઇઝ બીડ ઓન-લાઇન વેબસાઇટ : **https://tender.nprocure.com** પર સબમીટ કરવાના રહેશે. આ ભાવ પત્રક પ્રાઇઝ બીડનો નમુનો સંદર્ભ માટે ટેન્ડર સાથે એનેક્ષર-રમાં આપવામાં આવેલ છે.<br>❖ ફીઝીકલ ભાવ પત્રક (પ્રાઇઝ બીડ) સાથે ઓનલાઇન ભરેલ ભાવની નકલ કોઇપણ સંજોગોમાં ઇરાદાપુર્વક અથવા ભુલથી સામેલ રાખેલ જણાશે તો તે ટેન્ડરને અમાન્ય ગણી સ્વીકારવામાં આવશે નહિ.<br>❖ ઓન-લાઇન ભાવપત્રક (પ્રાઇઝ બીડ) નિયત સમયમર્યાદામાં જ ભરવાના રહેશે. |
| ૬ | ટેન્ડરનું મુલ્યાંકન | એ) કવર-૧ : ટેન્ડર ફી તથા ઇએમડી ફી ભરવામાં આવેલ છે કે નહિ.<br>કવર-૨ : જે એજન્સીએ ઉપર મુજબની ટેન્ડર ફી તથા ઇએમડી ફી ભરેલ હશે તેમના |

| | | |
|---|---|---|
| | | ટેન્ડરના ટેકનિકલ પ્રપોઝલનું કવર ખોલવામાં આવશે. જે મુજબ એજન્સીની લાયકાત અંગેના પુરાવાની ચકાસણી કરવામાં આવશે. ત્યારબાદ યોગ્ય ટેન્ડર ફી તથા ઇએમડી ફી ભરનાર તેમજ ટેકનિકલી કવોલિફાય થયેલ એજન્સીના ઓન-લાઇન પ્રાઇઝ બીડ પછીથી ખોલવામાં આવશે.<br>બી) પ્રાઇઝ બીડ ખોલવા અંગેની તારીખ અને સમય કવોલીફાય થયેલ એજન્સીને અગાઉથી જણાવવામાં આવશે જેથી જો તેઓને ઓન-લાઇન પ્રાઇઝ બીડ ઓપનિંગના સમયે હાજર રહેવુ હોય તો તેઓ રહી શકે છે. |
| ૭ | ટેન્ડરની માન્યતા(વેલીડીટી) | ટેન્ડર ઓન-લાઇન સબમીટ કરવાની છેલ્લી તારીખથી ૧૮૦ દિવસ સુધીની રહે. |
| ૮ | ટેન્ડર ફી (નોન- રીફંડેબલ) | ટેન્ડરની સાથે ટેન્ડર ફી પેટે જણાવેલ ડીમાન્ડ ડ્રાફ્ટ "મ્યુનિસિપલ કમિશનર, ભાવનગર" ના નામનો ભાવનગર ખાતેનો રજુ કરવાનો રહેશે. ડીમાન્ડ ડ્રાફટ/માન્ય રાષ્ટ્રીયકૃત બેંક/ શિડયુલ બેંકનો જ સ્વીકારવામાં આવશે. |
| ૯ | અર્નેસ્ટમની ડીપોઝીટ (EMD) | ટેન્ડરની સાથે જણાવેલ અર્નેસ્ટમની ડીપોઝીટ(ઇએમડી) નો ડીમાન્ડ ડ્રાફટ/ઓર્ડર "મ્યુનિસીપલ કમિશનર, ભાવનગર" ના નામનો ભાવનગર ખાતેનો રજુ કરવાનો રહેશે. |
| ૧૦ | પર્ફોમન્સ સિકયોરિટી | મંજુર થયેલ એજન્સીને વર્ક ઓર્ડર આપ્યા તારીખથી, ૧૫(પંદર) દિવસમાં ટેન્ડરની કુલ રકમના ૫% લેખે પર્ફોમન્સ સિકયોરિટી ડિપોઝીટ રજુ કરવાની રહેશે. પર્ફોમન્સ સિકયોરિટી ડિપોઝીટ પેટે ડીમાન્ડ ડ્રાફટ અથવા બેંક ગેરંટી "મ્યુનિસીપલ કમિશનર, ભાવનગર" ના નામે ભાવનગર ખાતેની રજુ કરવાની રહેશે. જે માન્ય રાષ્ટ્રીયકૃત બેંકની જ સ્વીકારવામાં આવશે. |
| ૧૧ | ઓન-લાઇન ટેન્ડર સબમીટ કરવાની છેલ્લી તારીખ | વેબસાઇટ : **https://tender.nprocure.com**<br>પર સમય મર્યાદામાં ઓન-લાઇન સબમીટ કરવાના રહેશે. |
| ૧૨ | ફીઝીકલ ટેન્ડર સબમીટ કરવાની તારીખ | ફીઝીકલ ટેન્ડર સ્વીકારવા સમયમર્યાદામાં સંપુર્ણ વિગતો સાથેનું ટેન્ડર સ્પીડ પોસ્ટ/ રજી.પોસ્ટથી વેટરનરી ઓફિસરશ્રીને એ.એન.સી.ડી.વિભાગ ચોથો માળ, ભાવનગર મ્યુનિસીપલ કોર્પોરેશન, સર મંગળસિંહજી રોડ કાળાનાળા ભાવનગર-૩૬૪૦૦૧ ખાતે સબમીટ કરવાનાં રહેશે. |
| ૧૩ | ટેકનીકલ બીડ ખોલવાની તારીખ | ➢ ટેકનીકલ બીડ વેટરનરી ઓફિસરશ્રીને એ.એન.સી.ડી. વિભાગ ચોથો માળ, ભાવનગર મ્યુનિસીપલ કોર્પોરેશન, સર મંગળસિંહજી રોડ, કાળાનાળા ભાવનગર-૩૬૪૦૦૧ ખાતે નિયત સમયે ખોલવામાં આવશે.<br>➢ પ્રાઇસ બીડ ખોલવા અંગેની તારીખ કવોલીફાય થયેલ એજન્સીને જણાવવામાં આવશે. |
| ૧૪ | કામગીરી ચાલુ કરવાનો સમય | વર્ક ઓર્ડર આપ્યાના ૧૫ દિવસમાં સદર કામગીરી ચાલુ કરવાની રહેશે. |

| | | |
|---|---|---|
| ૧૫ | પેનલ્ટી/દંડની જોગવાઇ | ➢ જે તે એજન્સી દ્વારા શરતોના ભંગ થયાનુ માલુમ પડયેથી પ્રતિ બનાવ દીઠ રૂ.૧૦૦૦૦/- પેનલ્ટી/દંડ વસુલ કરવામાં આવશે.<br>➢ ઘાસનો જથ્થો સપ્લાય કરવામાં એજન્સી અસમર્થ કે નિષ્ફળ જશે તો નિયમ અનુસાર પેનલ્ટી કરવા ઉપરાંત ખાતા દ્વારા એજન્સીના ખર્ચે અને જોખમે બજારમાંથી ખરીદી તેનો ખર્ચ એજન્સીના લેણી રકમ/સિકયુરીટી ડિપોઝીટમાંથી વસુલ કરી શકાશે. તથા ટેન્ડર રદ કરવામાં આવશે અને લેણી રકમ તથા ભરપાઇ કરેલ સીકયુરીટી ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે.<br>➢ લીલુ ઘાસ/સુકુ ઘાસ યોગ્ય ગુણવતાવાળુ નહિ હોય તો રીજેકટ કરી શકાશે તથા ખાતા દ્વારા રૂ.૧૦૦૦૦/- પેનલ્ટી કપાત કરવામાં આવશે.<br>➢ લીલા/સુકુ ઘાસ ટેન્ડરની શરતો મુજબ સારી ગુણવતાવાળુ જણાશે નહિ તેવા કિસ્સામાં ઘાસ ચેક કરનાર અધિકારી/કર્મચારી દ્વારા ઘાસની ગાડી પરત મોકલવામાં આવશે. જેનો તમામ ખર્ચ એજન્સીએ ભોગવવાનો રહેશે. |
| ૧૬ | ઓન-લાઇન(ઇ-ટેન્ડર) સબમીટ કરવા અંગેની માહિતી | ➢ ટેન્ડર નોટીસ બીએમસી વેબસાઇટ :https://tender.nprocure.com પર જોઇ શકાય છે.<br>➢ ઇ-ટેન્ડરીંગ પ્રવૃતિઓ માટે ઇન્ટરનેટ સાઇટ સરનામુ : https://tender.nprocure.com હશે.<br>➢ ઇન્ટરનેટ બિડર્સ વિગતવાર ટેન્ડર સુચના જોઇ શકે છે અને ઉપરોકત વેબસાઇટ પરથી ટેન્ડર દસ્તાવેજો ડાઉનલોડ કરી શકે છે.<br>➢ ઇ-ટેન્ડરમાં ભાગ લેનારા બિડરોએ ટેન્ડર ફી, ઇએમડી, ટેકનીકલ બિડ દસ્તાવેજ અથવા અનુભવની વિગતો અને ભાવ બિડના પુર્વ નિર્ધારીત સ્વરૂપોમાં ડેટા ભરવાની જરૂર છે.<br>➢ નકકી કરેલ ફોર્મેટમાં ડેટા ભર્યા પછી બિડર્સને તેમની એનક્રિપ્ટ થયેલ બિડ સબમિટ કરવા માટે અંતિમ સબમિશન લિંક પર કલિક કરવાની જરૂર છે. બિડર ભૌતિક બિડના ભાગરૂપે હાર્ડ કોપીમાં આરએફપી દસ્તાવેજ ફી,ઇએમડી, ટેકનીકલ બિડ દસ્તાવેજ અને સંદર્ભ દસ્તાવેજો પણ સુપરત કરશે. |
| ૧૭ | કવેરી માટેનો સંપર્ક. | ડો.હિતેશ આર. સવાણી, વેટરનરી ઓફિસર મો.- ૯૯૭૮૪૨૦૦૯૨ |

એજન્સીના સહી સિકકા

વેટરનરી ઓફિસર
મહાનગરપાલિકા
ભાવનગર

# ટેન્ડરની જનરલ શરતો



૧. ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા લીલું અને સુકુ ઘાસ ખરીદવાનું ટુ-બીડ પ્રકારે ટેન્ડર મંગાવેલ છે. સંપુર્ણ વિગતો ટેન્ડરમાં માંગેલ ડોક્યુમેન્ટ સાથે ઓનલાઇન સબમીટ કરવાનાં રહેશે. ફીજીકલ ટેન્ડર ડોક્યુમેન્ટ સાથે ઓનલાઇન સબમીટ કરેલ પુરાવાઓની કોપી, ટેન્ડર ફી અને ઇ.એમ.ડી. સીલબંધ કવરમાં ઉપર જણાવેલ સરનામે રજી.એ.ડી./સ્પીડ પોસ્ટ મારફતે ટેન્ડરમાં જણાવેલ સ્થળે તથા નિયત સમયમર્યાદામાં મોકલવાનાં રહેશે. નિર્ધારીત સમય બાદ મળેલાં ટેન્ડર રદ ગણવામાં આવશે.

૨. આ કામનાં ટેન્ડર ડોક્યુમેન્ટ અને https://tender.nprocure.com વેબસાઇટ પર અપલોડ કરવાના રહેશે.

૩. ટેન્ડરમાં માંગેલ તમામ વિગતો તથા બિડવાના તમામ ડોક્યુમેન્ટ શરતો મુજબ ઇ-ટેન્ડર મારફતે સબમીટ કરવાના રહેશે. ઇ-ટેન્ડર મારફતે સબમીટ કરેલ ટેન્ડરની ટેકનીકલ બીડની કોપી તમામ બિડાણ સાથે જણાવેલ સરનામે નિયત સમય મર્યાદામાં ટેન્ડરમાં જણાવ્યા મુજબથી ફીઝીકલ બીડ સબમીટ કરવાના રહેશે. ટેન્ડરર દ્વારા બન્નેમાંથી કોઇ એક જ રીતે મોકલાવેલ ટેન્ડર રદ ગણવામાં આવશે.

૪. ઓનલાઇન ટેન્ડર https://tender.nprocure.com ઇન્ટરનેટ સાઇટ પર સબમીટ કરી શકાશે. રસ ધરાવતા ટેન્ડરરે ઉપર જણાવેલ વેબસાઇટ તથા www.bmcgujarat.com પરથી ડીટેઇલ ટેન્ડર તથા નોટીસ જોઇ શકશે તેમજ ડાઉનલોડ પણ કરી શકશે. ઇ-ટેન્ડરમાં બિડીંગ કરવા બાબતે વધુ જાણકારી માટે ઉપર જણાવેલ સરનામે સંપર્ક કરવાનો રહેશે. ઇ-ટેન્ડર ભરનાર બિડરે ટેન્ડર ફી,ઇ.એમ.ડી.,ટેકનિકલ ક્રાઇટેરિયા, અનુભવ અને પ્રાઇઝ બિડની વિગતો પ્રિ-ડીઝાઇન ફોર્મમાં ભરીને ઇ-ટેન્ડરીંગ દ્વારા ટેન્ડરમાં માંગેલ રેફરન્સ ડોક્યુમેન્ટસની સ્કેન કોપી અપલોડ કરવાની રહેશે. પ્રિ-ડીઝાઇન ફોર્મમાં માંગેલ ડેટા ભર્યા બાદ બિડર દ્વારા ફાઇનલ સબમીશનનાં બટન પર ક્લીક કરી બિડ ઓનલાઇન સબમીટ કરવાની રહેશે.બિડરે ટેન્ડર ફી, ઇ.એમ.ડી., ટેકનિકલ બિડ ડોક્યુમેન્ટ અને રેફરન્સ ડોક્યુમેન્ટ હાર્ડ કોપી ટેન્ડરમાં જણાવ્યા મુજબ અલગથી ટેકનિકલ બીડનાં કવરમાં સબમીટ કરવાની રહેશે.

૫. ટેન્ડરની ટેકનિકલ બીડની હાર્ડ કોપી બીડ સાથે માંગેલ તમામ ડોક્યુમેન્ટસના બિડાણ સાથે એક મોટા સીલબંધ કવરમાં બંધ કરી ફીઝીકલ ટેન્ડર સબમીટ કરવાના રહેશે.

- કવર ઉપર "ટેકનીકલ બીડ" લખવાનું રહેશે અને તેની અંદર ટેન્ડર ફી અને ઇએમડી સંપુર્ણ રીતે ભરેલ ટેન્ડર ફોર્મ પરિશિષ્ટ-૧ તેમજ ફોર્મમાં જણાવેલ ક્રાઇટેરીયા-અનુભવની વિગતો અને તેમાં જણાવ્યા મુજબનાં પ્રમાણપ્રત્રો ડોકયુમેન્ટસ વિગેરે સામેલ કરવાના રહેશે. ટેન્ડરની ફાઇનાન્સીયલ બીડ ટેન્ડરરે પરિશિષ્ટ-૨ નમુનામાં જણાવ્યા મુજબથી ઓનલાઇન જ સબમીટ કરવાની રહેશે. ફાઇનાન્સીયલ બીડ ઓનલાઇન સબમીટ કર્યા વિના ટેકનિકલ બીડ મોકલનાર ટેન્ડરરનું ટેન્ડર રદ્દ ગણાશે.
- ટેકનિકલ બીડનાં કવર ઉપર ટેન્ડરરે સ્વચ્છ અક્ષરોથી કામનું નામ, ટેન્ડર નંબર,નોટીસ નંબર, ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીખની વિગતો લખી સીલ કવર વેટરનરી ઓફિસરશ્રી એ.એન.સી.ડી. વિભાગ ચોથો માળ,ભાવનગર મ્યુનિ.કોર્પોરેશન સર મંગળસિંહજી રોડ, કાળાનાળા, ભાવનગર-૩૬૪૦૦૧ સરનામે નિર્ધારીત સમયમાં મોકલવાનું રહેશે.

૬. ટેન્ડર ફી તથા અર્નેસ્ટ મની ડીપોઝીટની ભરવાપાત્ર રકમ મ્યુનિસિપલ કમિશનરશ્રી, ભાવનગરના નામનો પે ઓર્ડર,બેંકર્સ ચેક, ડી.ડી.બનાવવાનો રહેશે. ટેન્ડર ફી તથા અર્નેસ્ટ મની ડીપોઝીટ ટેકનિકલ બીડનાં કવરમાં ટેન્ડર ફોર્મ સાથે સામેલ કરી મોકલવાનો રહેશે.

૭. ટેન્ડર ફી તથા અર્નેસ્ટ મની ડીપોઝીટ વીનાના કે ઓછી રકમની ટેન્ડર ફી કે ઇ.એમ.ડી. ભરેલા ટેન્ડર રદ ગણવામાં આવશે.

૮. અધુરી જે ખોટી વિગતોવાળુ તથા ટેન્ડર ફોર્મમાં સહી-સિકકા વગરનું ટેન્ડર રદ્દ ગણવામાં આવશે.

૯. મળેલ ટેન્ડરોનાં ટેકનિકલ બીડનાં કવર નિર્ધારીત તારીખ અને સમયે ખોલીને ટેન્ડરોનું મુલ્યાંકન કરવામાં આવશે. મુલ્યાંકન બાદ ટેકનીકલી ક્વોલીફાય થયેલ ટેન્ડરરનાં પ્રાઇસબીડ નકકી થયેલ તારીખે ખોલવામાં આવશે. ટેકનિકલી ક્વોલીફાય થયેલ ટેન્ડરોના પ્રાઇસ બીડ ખોલવાની તારીખ જાણ કરવામાં આવશે.

૧૦. ટેન્ડરનો વેલીડીટી પીરીયડ ઓનલાઇન ટેન્ડર સબમીટ તારીખથી ૧૮૦ દિવસની રહેશે.

૧૧. મંજુર થયેલ એજન્સીને વર્ક ઓર્ડર મળ્યેથી દિન-૧૫માં મંજુર ટેન્ડર રકમનાં ૫% (પાંચ) સીક્યુરીટી ભરી નિયત સ્ટેમ્પ પેપર પર કરાર પેપર કરી કામ ચાલુ કરવાનું રહેશે. કામની સમયમર્યાદા વર્કઓર્ડર આપ્યા તારીખથી ગણાશે. સિક્યુરીટી ડિપોઝીટ/બેંકર્સ ચેક/પે-ઓર્ડર/બેન્ક ગેરેન્ટીના સ્વરૂપે જમા કરવાની રહેશે, કોન્ટ્રાકટરે રૂ.૩૦૦ના સ્ટેમ્પ પેપર ઉપર એગ્રીમેન્ટ કરવાનો રહેશે. ટેન્ડરની કામગીરી સંતોષકારક રીતે પુર્ણ થયાનું સર્ટીફિકેટ તથા ફાઇનલ બીલ આપ્યા પછી એજન્સીએ ભરેલ સિક્યોરીટી ડીપોઝીટ પર કરવામાં આવશે. સીકયોરીટી ડીપોઝીટ ઉપર કોઇ વ્યાજ ચુકવવામાં આવશે નહી.

૧૨. એજન્સીએ વર્ક ઓર્ડર મળ્યેથી દિન-૧૫ માં સિક્યુરીટી ડીપોઝીટ ભરી કરાર પેપરની કાર્યવાહી પુરી કરવાની રહેશે. એજન્સી દ્વારા ટેન્ડરની સમયમર્યાદા દરમ્યાન ખાતાના અધિકારી દ્વારા વખતો વખતની જરૂરીયાત મુજબ અથવા ખાતા દ્વારા સુચવાય તે રકમની મર્યાદામાં લીલું/સુકું ઘાસ પુરૂ પાડવા વર્કઓર્ડર આપવામાં આવશે જેમાં જણાવ્યા મુજબથી ખાતાની માંગણી મુજબનો જથ્થો જણાવેલ સ્થળે સમયમર્યાદામાં સપ્લાય ન કરવાનાં કિસ્સામાં જે તે વર્કઓર્ડરની રકમના ૧% મુજબ જેટલા દિવસ વિલંબ થશે તે પ્રમાણે પેનલ્ટી વસુલ કરવામાં આવશે. ખાતાની જરૂરીયાત મુજબ વર્કઓર્ડરમાં સમય મર્યાદામાં એજન્સી ઘાસનો જથ્થો પુરો પાડવામાં નિષ્ફળ જશે તો એજન્સીને પેનલ્ટી લાગુ કરવા ઉપરાંત એજન્સીના ખર્ચે અને જોખમે બજારમાંથી ઘાસનો જથ્થો ખરીદી એજન્સીની લેણી રકમ સિક્યોરીટી ડીપોઝીટમાંથી કપાત કરવામાં આવશે.

૧૩.ટેન્ડર વેલીડીટીની સમયમર્યાદા દરમ્યાન સ્વેચ્છાએ ટેન્ડર પાછુ ખેંચી શકાશે નહિ. વર્ક ઓર્ડર આપ્યા બાદ સમયમર્યાદામાં કામ શરૂ ન કરવા અથવા અનિયમિત અને વિલંબ કરવા બદલ એજન્સીની ઇ.એમ.ડી.તથા સીક્યોરીટી ડિપોઝીટ જપ્ત કરી બ્લેક લીસ્ટ કરવા સુધીનાં પગલા ભરવામાં આવશે.

૧૪.એજન્સીએ આ કામ માટે લાગુ પડતાં તમામ સરકારી કાયદાઓ-નિયમો તથા વેરાઓ તેમજ જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે. સરકારી વિભાગોના રજીસ્ટ્રેશન, લાયસન્સ, વાહનોની પરમીટ વિગેરે મેળવવાની જવાબદારી એજન્સીની રહેશે. આ બાબતે મ્યુનિસિપલ કોર્પોરેશનની કોઇ જવાબદારી રહેશે નહિ.

૧૫. કોઇપણ ટેન્ડર અથવા તેના ભાગો સ્વીકારવા કે નહિ તેનો સંપુર્ણ હકક મ્યુનિસિપલ કમિશનરશ્રીનો રહેશે અને તે માટે કોઇપણ કારણ આપવા બંધાયેલ નથી.

૧૬.સંબધિત તમામ પ્રકારનાં વેરાઓ ભરવાની તથા કાયદાકીય જોગવાઇઓનું પાલન કરવાની જવાબદારી એજન્સીની રહેશે.

૧૭. એજન્સી આ કામ બાબતે કોઇ પેટા કોન્ટ્રાકટ આપી શકશે નહિ.

૧૮. શરતી ટેન્ડર રદ્દ બાતલ ગણવામાં આવશે.

૧૯. આ કોન્ટ્રાકટની શરતો બાબતે કોઇ પણ વાદવિવાદ ઉભો થાય તો તે અંગે મ્યુનિસિપલ કમિશનરશ્રી,અથવા તેમના દ્વારા અધિકૃત કરાયેલ અધિકારીનો નિર્ણય આખરી રહેશે. મ્યુ.કોર્પોરેશન દ્વારા કોઇપણ પ્રકારનો ભાવવધારો આપવામાં આવશે નહિ.

૨૦. ટેન્ડર સંબંધિત કોઇપણ વાદવિવાદ માટેનું કાયદાકીય કાર્યક્ષેત્ર ભાવનગર રહેશે.

૨૧. એજન્સીએ ખાતાની જરૂરીયાત મુજબ ઘાસ સપ્લાય કરવા વર્કઓર્ડર આપી તેમા જણાવેલ કામગીરી સંતોષકારક રીતે કર્યા પછી બીલનું પેમેન્ટ કરવામાં આવશે.

૨૨. એજન્સીએ ટેન્ડર લીલા/સુકા ઘાસના પ્રતિ ૧૦૦ કિ.ગ્રા.ના ભાવો/રેટ (તમામ પ્રકારના ખર્ચ,વેરા,ચાર્જીસ સહિતના) પ્રાઇઝબીડમાં દર્શાવવાના રહેશે.તથા તે દર્શાવીને ઇ-ટેન્ડરીંગ દ્વારા બીડીંગ કરવાનું રહેશે. મ્યુ.કોર્પોરેશન દ્વારા ભાવો/રેટ મંજુર થયા બાદ કોઇપણ પ્રકારનો ભાવવધારો આપવામાં આવશે નહિ.

૨૩. કામ સંબંધિત શરતો:-

- ટેન્ડર મુજબ સપ્લાય કરવાનુ લીલું અને સુકુ ઘાસ ઢોર પુરવાના ડબ્બા અથવા ખાતા દ્વારા સુચવાય તે સ્થળે પહોંચાડી ઘાસ ઉતારવાની તથા તે વ્યવસ્થિત ગોઠવી આપવાનાં રહેશે.
- લીલો ઘાસચારો તથા સુકો ઘાસ ચારો, લીલી જુવાર,લીલી મકાઇ લીલી ઘાસ બાજરી તથા અનિવાર્ય સંજોગોમાં લીલો ઘાસ કોલોબ્રેશન જુવાર તથા લીલી શેરડીના પીલા અથવા આગ્રા વિગેરે જો જાડો માલ આવતો હોય ત્યારે ઢોરડબ્બામાં લીલુ/સુકુ ઘાસ કાપીને/નાના ટુકડા કરી ઘાસ કાપવા માટે મશીન મુકી બે શીફટમાં બે-ત્રણ મજુરો તથા ઘાસ કટીંગ મશીન કેટલ પોન્ડમાં મુકી કાપીને આપવાની કામગીરી કન્ટ્રાકટરની સ્વખર્ચે રહેશે. જેની અલગ જગા કેટલ પોન્ડમાં ખાતા દ્વારા આપવામાં આવશે. વખતોવખતની જરૂરીયાત અન્વયે ખાતા દ્વારા કામગીરી માટે મજુરોમાં વધારો/ઘટાડો કરી શકાશે. કેટલ પોન્ડ ખાતે દૈનિક કુલ ૫ મજુરો કરતા વધારે સંખ્યામાં મુકવાની જરૂરીયાત ઉભી થશે તો ૫ થી વધારે સંખ્યામાં મજુરો એજન્સીએ પોતાના ખર્ચે મુકવાના રહેશે. કોન્ટ્રાકટરનાં કર્મચારીની હાજરી કામગીરી અનુસાર નિયમિત અને સમયસર વેતન ચુકવાની તથા લાગુ પડતા તથા વેરા ભરપાઇ તેમજ નીતિનિયમોનું પાલન કરવા કરાવવાની સંપુર્ણ જવાબદારી જે તે એજન્સીની રહેશે.
- સુકા ઘાસના પુળા ફરજીયાતપણે ચાફ કટરમાં કટિંગ કરીને આપવાના રહેશે.
- લીલું અને સુકુ ઘાસ સપ્લાય કર્યા બાદ ખાતા દ્વારા સુચવાય તે મ્યુનિ.કોર્પોના વજન કાંટા પર વજન કરવી જવાબદાર અધિકારીશ્રીની હાજરીમાં ગણતરી કરાવી પાવતીમાં સહી લેવાની રહેશે અને બીલ બનાવતી વખતે આવી પાવતીઓ બીડવાની રહેશે.
- લીલું અને સુકુ ઘાસ નુકસાનીવાળુ કે ખરાબ હશે તો તે ગણતરીમાં લેવામાં આવશે નહિ તથા તેનુ પેમેન્ટ કરવામાં આવશે નહિ.
- લીલું અને સુકુ ઘાસ પુરૂ પાડવામાં એજન્સી નિષ્ફળ જશે તો ખાતા દ્વારા એજન્સીના ખર્ચે અને જોખમે બજારમાંથી ખરીદ કરી તેનો ખર્ચ એજન્સી પાસેથી વસુલ લેવામાં આવશે.
- સુકો ઘાસચારો-સુકી જુવાર કુટ્ટી, ડાંગર ઘાસડી, સુકા બાજરીના પુરા, બાજરીના પુળાની કુટ્ટી, મગ, મઠ, તુવેર, મગફળી, ચણાનુ ખારીયુ, ગવાર તથા ઘઉનુ કુંવર સપ્લાય વિભાગ દ્વારા જણાવવામાં આવે તે કરવાનું રહેશે.
- એજન્સીએ ટેન્ડરની શરતો અનુસરી જણાવ્યા મુજબથી લીલું અને સુકુ ઘાસ પુરૂ પાડવાનું રહેશે.
- ટેન્ડર ભરનાર એજન્સીએ તમામ સરકારી કાયદા અનુસાર જરૂરી લાયસન્સ લેવાના રહેશે.
- ટેન્ડર સંદર્ભે ભરવાના થતા લાગુ પડતા તમામ સરકારી વેરાની જવાબદારી એજન્સીની રહેશે. તેમજ સરકારી વેરા બાબતે વખતો-વખત થતાં સુધારા-વધારા એજન્સીને બંધનકર્તા રહેશે.
- સપ્લાય કરેલ લીલું અને સુકુ ઘાસ ટેન્ડરની શરતો મુજબ નહિ જણાય તો તેવાં લીલા અને સુકા ઘાસનો જથ્થો (લોટ) સ્વીકારવામાં આવશે નહિ.
- ખાતા દ્વારા જરૂરીયાત મુજબ વખતો વખત આપવામાં વર્કઓર્ડરમાં જણાવ્યા મુજબ જણાવેલ સમય-મર્યાદામાં ઘાસ સપ્લાય કરવાનુ રહેશે.
- ખાતા દ્વારા એજન્સીને જરૂરીયાત મુજબ વર્કઓર્ડર આપ્યેથી તેમાં જણાવેલ સમયમર્યાદામાં ઘાસ સપ્લાય કરવાનુ રહેશે. જો સમયમર્યાદામાં ઘાસ પુરૂ પાડવામાં નહિ આવે તો નિતી નિયમ અનુસાર પેનલ્ટી બિલ માથી કાપી લેવામાં આવશે.

૨૪. કામગીરી માટે ફોટાવાળુ એજન્સીનું ઓળખપત્ર, વિગેરે જે તે એજન્સીએ તેઓના સ્વ-ખર્ચે આપવાના રહેશે અને જે તે એજન્સીના સ્ટાફની સલામતી તથા અન્ય બાબતે સંપુર્ણ જવાબદારી જે તે એજન્સીની રહેશે.

૨૫. જે તે એજન્સી દ્વારા મુકવામાં આવેલ સાધન, વાહન તથા સ્ટાફની સલામતીની તથા સરકારી નીતિ-નિયમોની સંપુર્ણ જવાબદારી એજન્સીની રહેશે.

૨૬. કામગીરી માટે ચકાસણી, દેખરેખ તેમજ કોઇ પણ વૈકલ્પિક વ્યવસ્થા વિગેરે બાબતે જે તે એજન્સીએ સમયસર વ્યવસ્થા કરવાની રહેશે તેમજ ઢોર ડબ્બા/ખાતાના જવાબદાર સક્ષમ અધિકારીશ્રી સાથે સંકલનમાં રહિને કામગીરી માટે અગ્રિમતા નક્કી કરી સ્ટાફ-સાધન સામગ્રી લગતી વ્યવસ્થા અને રીપોર્ટીંગ કરવાનું રહેશે.

૨૭. સંસ્થાએ તેઓની કરેલ કામગીરીની સંપુર્ણ વિગતો ચકાસી, જવાબદાર સક્ષમ કર્મચારીશ્રી, અધિકારીશ્રી પાસે તે પ્રમાણિત કરાવી, તે અંગેના બીલ બે-નકલોમાં દિન-૭માં ખાતામાં રજુ કરવાનું રહેશે. જેમાં અનિયમિતતા થવાના પ્રસંગે ઉપસ્થિત થનાર પેમેન્ટ વિલંબ અથવા અન્ય કોઇ પણ જવાબદારી જે તે એજન્સીની રહેશે.

૨૮. કામગીરી માટે જરૂરી માનવબળ, વાહન સાધન સામગ્રી વિગેરેની વ્યવસ્થા એજન્સીએ કરવાની રહેશે.

૨૯. નબળી કામગીરી બદલ નોટીસ આપ્યા બાદ કામગીરીમાં કોઇ સુધારો નહિ થાય તો તે પછી જે તે એજન્સીને તાત્કાલીક અસરથી કોઇપણ કારણ દર્શાવ્યા સિવાય **contract agreement** રદ કરી ભરેલ સિક્યોરીટી ડીપોઝીટસ (SD) જપ્ત કરી, સંસ્થાને કાળી યાદી **"BLACK LIST"** માં મુકી ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના કોઇપણ કામગીરી માટે ગેરલાયલ ઠેરવી શકશે.

૩૦. કામગીરી માટે જે તે સંસ્થાના નામે ભાવનગર મ્યુનિસિપલ પ્રર્વતમાન નિયમો મુજબ **ECS** થી તમામ બીલની ચુકવણી કરવામાં આવશે. આથી બીલની રકમ થયા બાદ જમા થયા અંગેનું બેંક સ્ટેટમેન્ટ એ.એન,સી,ડી.વિભાગની કચેરીએ રજુ કરવાનું રહેશે. જે તે એજન્સીના ફરજ ઉપરના કર્મચારીને તેમની હાજરી અને કામગીરી અનુસાર નિયમિત,સમયસર વેતન પ્રોવિડન્ટ ફંડ જેવી વિવિધ સરકારી જવાબદારી ચુકવવાની સંપુર્ણ જવાબદારી જે તે એજન્સીની રહેશે.

૩૧. ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશન અને જે તે એજન્સીના કર્મચારી નોકરી અને તેને આનુષાંગિક કોઇપણ બાબત જેવી કે, માલિક અને નોકરના સંબંધ અથવા તો અન્ય કોઇ પણ પ્રકારની કાયદાકીય જવાબદારી ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની રહેશે નહિ અને જે તે એજન્સીએ કામગીરી માટે મુકેલ સ્ટાફની નિમણુક, રૂખસદ અથવા તેઓની નોકરી અંગેની શરતો તથા જવાબદારી સંપુર્ણપણે જે તે એજન્સીની જ રહેશે. આ બાબતે ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની કોઇ જવાબદારી રહેશે નહી.

૩૨. ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા એજન્સીના કોઇ પણ સ્ટાફને ઓળખપત્ર આપવામાં આવશે નહી

૩૩. ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના કોઇપણ કર્મચારી કે અધિકારી એજન્સીના કર્મચારીના હાજરી પત્રક ઉપર સહી કરશે નહી. આ જવાબદારી જે તે એજન્સીની રહેશે.

૩૪. એજન્સીના કોઇપણ કર્મચારીને ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના કર્મચારી તરીકે માન્યતા અપાશે નહી.

૩૫. એજન્સી દ્વારા પુરા પાડવામાં આવનાર સ્ટાફને ખાતાના/અધિકારી/કર્મચારીની સુચના અને સુચવ્યા મુજબ કામગીરી કરવાની રહેશે તેમજ દરેક સાથે સહકાર અને સુમેળભર્યું વર્તન રાખવાનું રહેશે.

૩૬. જે તે એજન્સીએ મુકેલ સ્ટાફ દ્વારા તેમની અણ આવડત, બેદરકારી, ઇરાદાપૂર્વક કરેલ કોઇ પણ પ્રકારનું નુકશાન તથા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ભાવનગર મહાનગરપાલિકાની સ્થાવર, જંગમ મિલ્કત સાધાન-સામગ્રીને થયેલ નુકશાન બાબતે જે તે એજન્સી અંગત જવાબદાર રહેશે અને ભાવનગર મહાનગરપાલિકા જે તે એજન્સી પાસેથી તેની ચુકવવાપાત્ર રકમ અથવા સિકયોરીટી ડીપોઝીટમાંથી વસુલ કરી શકાશે.

૩૭. એજન્સી દ્વારા ફરજ ઉપર મુકવામાં આવે તે સ્ટાફના બાયોડેટાની, હિસ્ટ્રીશીટ વ્યકિત પોલીસ તપાસ અહેવાલ તેમજ અન્ય બાબતોની એજન્સીએ સંપૂર્ણપણે ખરાઇ કરી લેવાની રહેશે.

૩૮. ફરજ દરમ્યાન કોઇ પણ સ્ટાફ પાન મસાલા બીડી-તમાકુ દારૂ કે અન્ય કેફી પીણાનુ સેવન કરી શકશે નહી આ પ્રકારનું કોઇ પણ વ્યસન કરેલ, અનિયમિત, ગેરશિસ્ત ધરાવનાર, અવ્યવહારૂ, બેદરકાર, બદઇરાદો ધરાવનાર સ્ટાફને તાત્કાલિક અસરથી છુટા કરવાના રહેશે ને જે તે એજન્સીએ અન્ય સ્ટાફને કામગીરી સોંપવાની રહેશે.

૩૯. આ કરાર બિન તબદીલપાત્ર છે અને સક્ષમ સત્તા/કચેરીની પુર્વ મંજુરી સિવાય જે તે એજન્સી કોઇ અન્ય એજન્સીને કામગીરી અથવા કામગીરી માટેનો સ્ટાફ પુરા પાડવાનું કામ તબદીલ કરી શકશે નહિ અથવા કરારની કોઇપણ એક કે અન્ય કોઇ બાબત અન્ય કોઇ પણ એજન્સીને તબદીલ કરી શકશે નહિ.

૪૦. આ કરારમાં કોઇપણ જોગવાઇ હોય તેમ છતા કોઇ પણ કારણ દર્શાવ્યા સિવાય મ્યુનિસિપલ કમિશનરની અથવા તેઓશ્રીની અધિકૃત કરેલ ખાતાના અધિકારી જે તે એજન્સીને દિન-૦૭માં નોટીસ આપીને આ કરારનો અંત લાવી શકશે.

૪૧. ટેન્ડર લેનાર એજન્સીએ લેબર એક્ટ તથા લાગુ પડતા અન્ય તમામ કાયદાઓ નીતિ-નિયમોનું તમામ પ્રકારે સંપુર્ણપણે નિયમિત પાલન કરવાનું રહેશે.

૪૨. ભાવપત્રક કોઇ ગેરચાલ,ચુક,ગફલત અગર અન્ય કોઇ ગેરવહીવટીય કૃત્ય થયાનું જણાઇ આવ્યેથી ભાવપત્રક રદ થવાને પાત્ર થશે અને તે માટે એજન્સીનો હકક કે દાવો ચાલી શકશે નહિ.

૪૩. જે બાબતનો નિકાલ શરતો ઉપરથી થઇ શકશે નહિ કોઇ બાબતે તકરાર ઉપસ્થિત થવાના પ્રસંગે મ્યુનિસિપલ કોર્પોરેશનના નિયમોને અનુસરીને તેનો અંતિમ નિર્ણય કરવાની સત્તા મ્યુનિસિપલ કમિશનર અથવા તેઓશ્રી અધિકૃત કરે તેનો નિકાલ કરવાનો રહેશે. અને જે તે સંસ્થાને તે બંધનકર્તા રહેશે આ અંગે કોઇ તકરાર કે વાદ વિવાદ ચલાવી લેવામાં આવશે નહિ આમ છતાં, વિવાદો અંત ન આવે તો વિવાદ અંગે ભાવનગર શહેર કોર્ટની હકુમત રહેશે.

૪૪. જે તે એજન્સી દ્વારા શરતો મુજબ સારી અને સંતોષકારક કામગીરી કરવામાં નહિ આવે તો ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના પ્રવર્તમાન ધારાધોરણો અનુસાર દંડ વસુલ કરવામાં આવશે આ કામ માટે રાજકીય દબાણ લાવનાર એજન્સીને ગેરલાયક ઠરાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

૪૫. જેટલી એજન્સીઓ તરફથી વેલીડ ટેન્ડર આવશે તેમ આગળની કાર્યવાહી કરવામાં આવશે. ટેન્ડરો આવ્યા બાદ તને ચકાસીને તેઓનો ભાવ/દર ઓછો જણાશે તેઓને પ્રાધાન્ય આપવામાં આવશે.

૪૬. આ કરારમાં કોઇ જોગવાઇ હોય તેમ છતા કોઇ પણ દર્શાવ્યા સિવાય મ્યુનિ.કમિશનર જે તે સંસ્થાને દિન-૭ ની નોટીસ આપીને આ કરારનો અંત લાવી શકશે.

૪૭. ટેન્ડર લેનાર એજન્સીએ લેબર એકટ તેમજ લાગુ પડતા કાયદાઓનું તમામ પ્રકારે નિયમિતપણે પાલન કરવાનું રહેશે તથા તેમા બેદરકારી,ચુકની જવાબદારી સંસ્થાની રહેશે.

૪૮. **Not more than one tender shall be submitted by a contactor or by a firm of contractors. No two or more concerns in which an individual is interested as a proportion and / or a partner & / or director shall submit tender for the execution of the same work / tender. if they do so all such tender shall be liable to be rejected.**

૪૯. બેંક સોલવન્સી-**The tendered should submit a solvency certificate from a Nationalized Bank/ Scheduled Bank of an amount of at least 20% amount of estimated cost of tender. Bank Solvency shall not be older than one year period.**

૫૦. **Disqualification:-**

- **Even though Applicants meet the required criteria, they are subject to be disqualified if Applicant or any of its constituent partner/s, director/s, have:-Made misleading or false representation in the forms, statements, and attachments submitted; or – Been debarred or terminated or blacklisted by Central Govt. organization / State Govt. organization / bmc / any Municipal Corporation / ULBs etc.**
- **if, any of the directors, partners or the proprietor has a criminal history or has been convicted by any course of law for any of the offence under any Indian laws.**
- **if, any criminal proceeding is pending in any court of law in India against any of the directors, partnered or a proprietor and if any such proceeding culminates into convocation.**

૫૧. ભાવનગર મ્યુનિ.કોર્પો સામે અથવા અન્ય કોઇ સરકારી સંસ્થા સામે કરેલ કોર્ટ મેટર/લીગલ પ્રોસીડીંગ્સની સંપુર્ણ વિગતો ટેન્ડરમાં દર્શાવવાની રહેશે. જો આ વિગતો ખોટી રજુ કરવામાં આવશે અથવા છુપાવવામાં આવશે તો એજન્સીને ડીસકવોલીફાય કરવામાં આવશે.

૫૨. ટેન્ડર ટેકનિકલ બીડ ખોલ્યા પછી અને પ્રાઇસબીડ ખોલતા પહેલા જ જે-તે ટેન્ડર ભરનાર એજન્સી દ્વારા વાંધા, ફરિયાદો કરી શકાશે. જો પ્રાઇસબીડ ખોલ્યા બાદ, ટેન્ડર ભરનાર કોઇ એજન્સી દ્વારા વાંધા ફરીયાદ કરવામાં આવશે તો તેને ટેન્ડર પ્રક્રિયા પર અસર કરવાના આશયથી અને સમક્ષ સત્તા પર દબાણ કરવાના આશયથી કરવામાં આવેલ છે. તેમ માની વાંધા, ફરીયાદ કરનાર એજન્સીને ટેન્ડર પ્રક્રિયામાંથી પાંચ ૫ વર્ષ સુધી **Debar** કરવામાં આવશે અને અર્નેસ્ટ મની ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે. ફરીયાદો, વાંધા જો ટેન્ડર ભરનાર એજન્સી દ્વારા કરવામાં આવેલ નહિ હોય તો તેને ચકાસણી વગર જ દફતેરે કરવામાં આવશે.

૫૩. મ્યુનિસિપલ કમિશનરશ્રી (૧) કોઇપણ જાતના કારણો આપ્યા વગર ટેન્ડરો કે લોએસ્ટ ટેન્ડર સંપુર્ણપણે કે અંશત: સ્વીકારવાનો (૨) જાહેર સંસ્થાના હિતમાં ટેન્ડરના ભાગ પાડવાનો અને એકથી વધુ એજન્સીને કામગીરી સોંપવાનો અબાધિત અધિકાર ધરાવે છે.

૫૪. ટેન્ડર ખોલ્યા બાદ કે વાટાઘાટો દરમ્યાન, એજન્સી દ્વારા લેખિતમાં રજુ કરાયેલ તેમના ભાવો કે દરખાસ્ત પછી ખેંચી શકાશે નહિ અને જો તેમ કરવામાં આવશે તો તેમની ઇ-એમ-ડી જપ્ત કરવામાં આવશે અને આવી એજન્સીને ભવિષ્યની કામગીરી માટે ગેરલાયક ગણવામાં આવશે.

૫૫. **The Contractor at all times should indemnify Bhavnagar Municipal Corporation (BMC) against all claims, damages or compensation under the provisions of payment of Wages Act,1936; Minimum Wages Act,1948; Employer's Liability Act,1938; the workman Compensation Act,1923; industrial Disputes Act,1947; Maternity Benefit Act,1961; Shops and Establishment Act or any modification thereof or any other law relating there to and rules made there under from time to time BMC will not own any responsibility in this regale.**

મેં/અમે ટેન્ડર ફોર્મમાં જણાવેલ તમામ વિગત ખરી છે તેની ખાતરી આપીએ છીએ તથા ટેન્ડર અંગેના તમામ નિયમો અને શરતો મેં/અમે વાંચ્યા છીએ, સમજ્યા છીએ અને અમે/અમોને કબુલ-મંજુર અને બંધનકર્તા રહેશે. આ બાબતે હું કોઇપણ વાદ-વિવાદ કે અપીલ કરીશ નહી.

ટેન્ડરરની સહી તથા સિકકા

વેટરનરી ઓફિસર
મહાનગરપાલિકા
ભાવનગર

# ટેન્ડરની શરતો

**કામનું નામ :-** શહેરમાંથી પકડાયેલા ઢોરડબ્બા ખાતેના પશુઓ માટે લીલુ/સુકુ ઘાસ વિગેરે સપ્લાય કરવાની કામગીરીનું ઇ-ટેન્ડર.

**શરતો:-**

૧. ટેન્ડર ફી, તથા ટેન્ડરની અર્નેસ્ટની રકમ ટેન્ડર નોટીસમાં જણાવ્યા મુજબથી મ્યુનિ. કોર્પોરેશન દ્વારા સ્વીકાર્ય બેંકનો ડીમાન્ડ ડ્રાફટ/બેંકર્સ ચેક ટેન્ડર નોટીસમાં મ્યુનિસિપલ કમિશનર-ભાવનગર નામનો બનાવી ટેન્ડર ફોર્મ સાથે અવશ્ય સામેલ કરવાનો રહેશે. તે સિવાયનું ટેન્ડર સ્વીકારવાને પાત્ર રહેશે નહિ.

૨. એજન્સીએ લીલા-સુકા ઘાસ માટેના અલગ-અલગ ભાવો પ્રાઇઝબીડમાં ભરવાના રહેશે.

3. ટેન્ડરનો વેલીડીટી પીરીયડ ઓનલાઇન બીડ ભર્યા તારીખથી ૧૮૦ દિવસનો રહેશે. તેમજ માન્ય થયેલ ટેન્ડરમાં દર્શાવેલ લીલા/સુકા ઘાસ માટેના રાઇટ/ભાવથી ટેન્ડર મંજુર થયેથી ખાતાની જરૂરીયાત પ્રમાણે લેખીતમાં જણાવ્યા મુજબથી માલ સપ્લાય કરવાનો રહેશે. આ સમય દરમ્યાન કોઇ ભાવ વધારો ચુકવવામાં આવશે નહી, ટેન્ડર ખુલ્યેથી નેગોસીએશન કરવા/ભાવ સ્વીકારવા કે નહી તે અંગેનો મ્યુનિસિપલ કમિશનરશ્રીનો આખરી નિર્ણય રહેશે. તદ્દ ઉપરાંત લીલા/સુકા ઘાસ માટે પ્રતિ ૧૦૦ કિ.ગ્રાના ભાવ/રેટ (તમામ પ્રકારના વેરા/ચાર્જ તથા કામગીરી સહિત)ના ભાવ પ્રાઇઝબીડમાં દર્શાવવાના રહેશે. જે સક્ષમસત્તા દ્વારા મંજુર થયેથી એજન્સીને એક વર્ષ માટે વર્કઓર્ડર આપવામાં આવશે તથા ત્યારબાદ માન્ય દરથી સંસ્થા કામગીરી કરવા સંમત હોય તો પરસ્પર સંમતિથી સક્ષમ સત્તાની મંજુરીથી વધુ એક વર્ષ માટે મુદત લીલુ/સુકુ ઘાસ સપ્લાય કરવાની કામગીરી મુદત લંબાવી શકશે.

૪. ટેન્ડર રેટ/દર મંજુર થયેથી ૨/3 અથવા વખતોવખત ખાતાના ફેરફાર/જરૂરીયાત જેટલુ લીલુઘાસ ખાતાની જરૂરીયાત પ્રમાણે વર્કઓર્ડર આપ્યેથી તે મુજબ સપ્લાય કરવનુ રહેશે.

૫ ટેન્ડર દર/રેટ મંજુર થયેથી ૧/3 અથવા વખતોવખત ખાતાના ફેરફાર/જરૂરીયાત જેટલુ સુકુઘાસ ખાતાની જરૂરીયાત પ્રમાણે મુજબ વર્કઓર્ડર આપ્યેથી તે મુજબ સપ્લાય કરવનુ રહેશે.

૬. લીલા તથા સુકુ ઘાસનું સેમ્પલ ખાતાના જવાબદાર અધિકારીશ્રી પાસે ચેક કરાવી મંજુર થયેલ ભાવથી જે તે લીલુ/સુકુ ઘાસ/વિભાગના ઢોર પુરવાના ડબ્બા ખાતે અથવા ખાતા દ્વારા સુચવાય તે સ્થળે વાહનમાંથી ઉતારી ગોઠવી આપવાનુ રહેશે  તથા જણાવવામા આવે ત્યારે ચાફ કટરમાં કાપીને તથા કામદાર મારફતે ઘાસના નાના ટુકડા કરી આપવાના રહેશે.

૭. સુકા ઘાસના પુળા(જુવાર, બાજરી, ડાંગર વગેરે) ફરજીયાતપણે ચાફ કટરમાં કટિંગ કરીને આપવાનાં રહેશે.

૮. જે તે ઘાસનું વજન, પેકિંગ ગોઠવણી કટિંગ વિગેરે ઘાસ પુરૂ પાડનારે કરવાની રહેશે. જે તે આઇટમ/માલનું વજન ભાવ.મ્યુ.કોર્પો.ના ખાતા દ્વારા સુચવાય તે વજન કાંટામાં તેમના સમય પ્રમાણે વજન કરાવવાનું રહેશે અને તે વજનકાટાંની ચિઠ્ઠી મુજબના વજનનું જે તે ઘાસનું પેમેન્ટ કરવામાં આવશે.

૯. એજન્સીએ લીલુ/સુકુ ઘાસ નો ભાવ પ્રતિ ૧૦૦ કીલો ગ્રામ મુજબના ભાવ પ્રાઇઝબીડ ફોર્મમાં આંકડા તથા શબ્દોમાં અવશ્ય લખવાનો રહેશે. **https://tender.nprocure.com** પર ભરેલ ઓનલાઇન ભાવ (આંકડામાં અને શબ્દોમાં ભરેલ ભાવ) લખાયેલ માન્ય રખાશે.

૧૦. ટેન્ડર મંજુર/સ્વીકાર થયા બાદ પાર્ટીએ દિન-૧૫માં જરૂરી સીક્યુરીટી ડીપોઝીટ મ્યુ.કોર્પો.ના નીતિનિયમ મુજબ ભરવાની રહેશે/નિયત નમુના મુજબ જરૂરી કરાર પેપર ઉપર એગ્રીમેન્ટ કરવાના રહેશે.

૧૧. લીલુ ઘાસ જેવુ કે લીલી જુવારના પુળા, લીલી મકાઇના પુળા, લીલી બાજરીના પુળા, રજકો, નેપીયર હાઇબ્રીડ, જુવાર વિગેરે ખાતાની જરૂરીયાત મુજબ વર્કઓર્ડરમાં જણાવ્યા મુજબથી પુરૂ પાડવાનું રહેશે.

૧૨. સુકુ ઘાસ જેવુ કે સુકી જુવારના પુળા, સુકી ડાંગરના પુળા, સુકી બાજરીના પુળા, સુકી કુટી, મગ, મઠ, ગવાર મગફળીની ફોતરી, તુવેર વિગેરે ફોતરી, ઘઉનું કુવર ફોતરી વિગેરેનો જથ્થો ખાતાએ વર્કઓર્ડરમાં જણાવ્યા મુજબથી પુરૂ પાડવાનુ રહેશે.

૧૩. ઘાસનો જથ્થો સપ્લાય કરવામાં એજન્સી અસમર્થ કે નિષ્ફળ જશે તો ટેન્ડર રદ કરવામાં આવશે અને ભરપાઇ કરેલ અર્નેસ્ટમની અને સીક્યુરીટી ડીપોઝીટ રકમ જપ્ત કરવામાં આવશે. તથા નિયમ અનુસાર પેનલ્ટી કરવા ઉપરાંત ખાતા દ્વારા એજન્સીના ખર્ચે અને જોખમે બજારમાંથી ખરીદી તેનો ખર્ચ સંસ્થાની લેણી રકમ/સિક્યુરીટી ડીપોઝીટમાંથી વસુલ કરી શકશે.

૧૪. ટેન્ડરનો સ્વીકાર કરવો/કે અસ્વીકાર કરવો તેનો સંપુર્ણ હકક મ્યુનિસિપલ કમિશનરશ્રી-ભાવનગર નો રહેશે.

૧૫. એજન્સીએ ટેન્ડરમાં પોતાને લગતી તેમજ તેમની સંસ્થાને લગતી તમામ માહિતી ટેન્ડર ફોર્મમાં વિગતવાર દર્શાવવાની રહેશે.

૧૬. વર્કઓર્ડરમાં જણાવ્યા મુજબ લીલા/સુકા ઘાસની આઇટમ વાઇઝ માલની ડીલીવરી આપ્યા બાદ મોકલેલ માલ તથા જથ્થો અંગે પ્રમાણપત્ર જવાબદાર અધિકારી પાસેથી મેળવી બીલ સાથે ખાતામાં દિન-૭માં રજુ કરવાનું રહેશે. જેના આધારે મ્યુનિ.કોર્પોની માન્ય થયેલ કાર્ય પધ્ધતિ મુજબ પેમેન્ટ ચુકવવામાં આવશે.

૧૭. ઘાસના બીલો ખાતામાં મળ્યેથી, ચકાસણી કરી મ્યુનિ.કોર્પો.ના માન્ય નિયમાનુસાર પેમેન્ટ ચુકવવામાં આવશે.

૧૮. ઘાસનો જથ્થો પુરો પાડવા વર્કઓર્ડર આપ્યા પ્રમાણે સંતોષકારક કામગીરી થયેથી ઉપર જણાવ્યા મુજબથી પેમેન્ટ કરવામાં આવશે.

૧૯. ટેન્ડરનુ કામ પુરૂં થયેથી ફાઇનલ બીલનું ચુકવણું થયા બાદ સીક્યુરીટી ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે.

૨૦. લીલુ ઘાસ/સુકુ ઘાસ યોગ્ય ગુણવત્તાવાળુ નહિ હોય તો રિજેક્ટ કરી શકાશે અથવા ખાતા દ્વારા કપાત કરવામાં આવશે.

૨૧. ખાતાની વખતોવખતની જરૂરીયાત મુજબ આપવામાં આવેલ વર્કઓર્ડર પ્રમાણે સપ્લાય ઘાસનો જથ્થો કરવાના રહેશે.

૨૨. લીલા/સુકુ ઘાસ ટેન્ડરની શરતો મુજબ સારી ગુણવત્તાવાળુ જણાશે નહિ તેવા કિસ્સામાં ઘાસ ચેક કરનાર અધિકારી/કર્મચારી દ્વારા ઘાસની ગાડી પરત મોકલવામાં આવશે. જેનો તમામ ખર્ચ એજન્સીએ ભોગવવાનો રહેશે.

૨૩. ખાસ સંજોગ સિવાય તેમજ અધિકૃત અધિકારીની મંજુરી સિવાય વર્કઓર્ડર આપ્યા પહેલાં સપ્લાય કરવામાં આવેલ લીલા/સુકાઘાસનું પેમેન્ટ કરવામાં આવશે નહિ.

મેં/અમે ટેન્ડર ફોર્મમાં જણાવેલ તમામ વિગત ખરી છે તેની ખાતરી આપીએ છીએ તથા ટેન્ડર અંગેના તમામ નિયમો અને શરતો મેં/અમે વાંચ્યા છીએ, સમજ્યા છીએ અને મને/અમોને કબુલ-મંજુર અને બંધનર્તા રહેશે. આ બાબતે હું કોઇપણ વાદ-વિવાદ કે અપીલ કરીશ નહિ.

એજન્સીના સહી તથા સિકકા

વેટરનરી ઓફિસર
મહાનગરપાલિકા
ભાવનગર

# ભાવનગર મહાનગરપાલિકા,ભાવનગર

## એ.એન.સી.ડી.વિભાગ

સર મંગળસિંહજી રોડ, કાળાનાળા પાસે, ભાવનગર
E-mail : vetofficerbmc@gmail.com

ઇ-ટેન્ડર નોટીસ નં.૦૫/૨૦૨૫-૨૬/ **ANCD/ BMC**

| |
|---|
| કામનુ નામ:- શહેરમાંથી પકડાયેલા ઢોરડબ્બા ખાતેના પશુઓ માટે લીલુ/સુકુ ઘાસ વિગેરે સપ્લાય કરવાની કામગીરીનું ઇ-ટેન્ડર. |

**એજન્સીની માહિતીનું ફોર્મ-પરિશિષ્ટ-૧**

| | | | |
|---|---|---|---|
| ૧ | એજન્સીનું નામ | :- | ................................................................................ |
| ૨ | એજન્સીનું પુરે પુરૂ સરનામુ | :- | ................................................................................ |
| | | | ................................................................................ |
| ૩ | સંપર્ક | :- | (ઓ.)............................(ફેક્સ)........................................ |
| | | | (રહે.).................................................... |
| | | | (મો.)..................................................... |
| | | | ઇ-મઇલ આઇ.ડી.......................................................... |
| ૪ | એજન્સી/સંસ્થાનાં મુખ્ય વ્યક્તિનું નામ/હોદ્દો | :- | ................................................................................ |
| | પુરે પુરૂ સરનામુ | :- | ................................................................................ |
| | | | ................................................................................ |
| | સંપર્ક નંબર | :- | (ઓ.)...............................(ફેક્સ)........................................ |
| | | | (રહે.)................................................ |
| | | | (મો.)................................................ |
| | | | ઇ-મેઇલ આઇ.ડી.......................................................... |
| ૫ | આકસ્મિક સમયે ઓફિસ કલાક બાદ સંપર્ક થઇ શકે તેવા એજન્સીનાં ઉપર જણાવ્યા સિવાયના જવાબદાર વ્યક્તિની વિગત | | |
| | નામ | :- | ................................................................................ |
| | પુરૂ સરનામુ | :- | ................................................................................ |
| | | | ................................................................................ |

| | | | |
|---|---|---|---|
| | સંપર્ક નંબર | :- | (ઓ.)..................................(ફેક્સ)............................................. |
| | | | (રહે.)...................................................... |
| | | | (મો.)...................................................... |
| | | | ઇ-મેઇલ આઇ ડી.................................................................... |
| ૬ | ટેન્ડરરનાં બેંકર્સની વિગત | :- | બેંકનું નામ........................................................................ |
| | | | શાખા.................................................................................. |
| | | | એકા.નંબર.......................................................................... |
| | | | પ્રકાર:-<br>ચાલુ ખાતુ-બચત ખાતુ........................................................ |
| | | | માઇકર નં:-.......................................................................... |
| | | | આઇ.એ.એફ.સી.કોડ............................................................. |
| ૭ | પાન નંબર | :- | |
| ૮ | જી.એસ.ટી. રજીસ્ટ્રેશન નંબર | :- | |
| ૯ | વ્યવસાય વેરા રજીસ્ટ્રેશન નંબર | :- | |
| ૧૦ | સંસ્થાની નોંધણીનું પ્રમાણપત્ર | :- | |

ઉપર જણાવેલ તમામ વિગતો ખરી છે તેની ખાત્રી આપીએ છીએ તથા ટેન્ડર અંગેના તમામ નિયમો અને શરતો મેં/અમે વાંચ્યા છે, સમજ્યા છે અને મને/અમોને કબુલ-મંજુર અને બંધનકર્તા રહેશે..

એજન્સીની તારીખ સાથેની સહિ તથા સિકકો

તારીખ:-

સ્થળ:-

વેટરનરી ઓફિસર
મહાનગરપાલિકા
ભાવનગર

## Details about Tender:

| | |
|---|---|
| Department Name | |
| Circle/Division | |
| IBF NO | |
| Name of project | |
| Name of Work | |
| Estimate Contract Value (ECV) | |
| Period of Completion (in Months) | |
| Bidding Type | |
| Bid Call (Nos) | |
| Tender Currency Type | |
| Tender Currency Setting | |
| Joint Venture | |
| Rebate | |

## Amount Details:

| | |
|---|---|
| Bid Document Fee : | |
| Bid Document Fee Payable To : | Municipal Commissioner Bhavnagar |
| Bid Security/EMD (INR) : | |
| Bid Security/EMD In Favour of : | Municipal Commissioner Bhavnagar |

## Tender Dates:

| | |
|---|---|
| Bid Document Downloading Start Date | |
| Bid Document Downloading End Date | |
| Pre Bid Meeting | |
| Last Date & Time for Receipt of Bid | |
| Bid Validity Period | |
| Remarks | |
| Bid Opening Date | |

**Other Details:**

| | |
|---|---|
| Officer Inviting Bid : | |
| Bid Opening Authority : | |
| Address : | |
| Contact Details : | |

# Part-B:Price Bid

## E-Tender Notice No.05/2025-26/ANCD/BMC

8-6

**Tender for Bid Document of ANCD Department (BMC) to Supply Green & Dry (Fodder) at Cattle Pound (BMC).**

**Rates for Tender related work to be submitted in bid of E-Tender only, if it is shown any where else then tender will be disqualified.**

| Tenderer Name & Address : |
|---|
| |

| No. | Particular | Rate Per Unit Rs. (Per 100 K.G.) (Rs. in Figures and woras.) (including all types of taxer/charges) |
|---|---|---|
| 1. | Green Grass | Rs.in Figures.________________________. <br> Rs.in Words.________________________. |
| 2. | Dry Grass | Rs. in Figures.________________________. <br> Rs. in Words.________________________. |

-if the rates written are invisible/not clear, then tender will be disqualified.

-if there is difference between Letters & numbers of rate then, Rate written in letter will be considered.

Tenderer Sign & Seal

Date...../....../..........

Place.......................